eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 304
February 03, 2012

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉધના ઝોન ખાતે ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૨ની ઉજવણી




ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૨ની ઉજવણી સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોન વિસ્તારમાં કરવમાં આવી હતી. પ્રજાસત્તાક પર્વની સુપ્રભાતે માન.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)એ ઉધના, વિજયાનગર સ્ટેડિયમ પાસેના મેદાનમાં સુરત મહાનગરપાલિકાના ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની માર્ચ પાસ્ટ સાથે સલામી ઝીલ્યા બાદ રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગીતની ધુન વચ્ચે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૨ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલી તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં માન.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, શ્રી સી.આર.પાટીલ, ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના ...



વધુ માટે કલીક કરો >>>>>>



## ભારતની પ્રથમ શંખધ્વનિ કલબના સ્થાપક પ્રમુખશ્રી બી.જે.શાહને માન.કમિશ્નરશ્રી તથા માન.મેયરશ્રી ધ્વારા અજોડ સામાજીક કાર્ય કરવા બદલ પ્રજાસત્તાક દિને સમારંભમાં "પ્રસંશાપત્ર" તથા ટ્રોફી એનાયત કરવામાં આવેલ

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાકદિન ૨૬ જાન્યુઆરી–૨૦૧૨ની ઉજવણી વિજયનગર રોડ, ઉધના ખાતે સંપન્ન થઈ હતી. ભારતની પ્રથમ શંખધ્વનિ કલબના સ્થાપક પ્રમુખશ્રી બી.જે.શાહ મારફત શંખનાદના ફાયદા બાબતે પ્રચાર–પ્રસારની નોંધ લિમ્કા બુક ઓફ નેશનલ રેકોર્ડસ–૨૦૧૧ લેવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ભારત સરકારનાં રાષ્ટ્રપતિશ્રીનાં ફાયર સર્વિસ મેડલ ફોર મેરીટેરીયસ સર્વિસથી સુરત ફાયર અને ઈમરજન્સી વિભાગના (૧) ડ્રાઈવરશ્રી દિનુભાઈ છોટુભાઈ નાયકા અને (૨) ફાયરમેન શ્રી ગણપતભાઈ એમ.ગાવીતને સન્માનીત કરવાનું જાહેર કરવામાં આવેલ

દક્ષિણ ગુજરાતનાં ડાંગ જીલ્લામાં ભારે વરસાદનાં પગલે અંબિકાનદીમાં અચાનક પાણીનાં વિનાશક પુર ફરી વળતાં તા.૧૪/૦૭/૧૧નાં રોજ ઉમરાગામ તા.મહુવા, જી.સુરતનાં નદીનાં પટમાં કપડા ધોવા ગયેલ યુવતી નામે કાજલબેન કનુભાઈ પટેલ,ઉ.વ.આ.૧૭ નદીનાં મધ્યભાગે તીવ્ર પ્રવાહમાં ઘેરાઈ ગયેલ. તેણીને બચાવવા તેમના (૧) પિતા કનુભાઈ છનાભાઈ પટેલ ઉ.વ.આ.૪૨ (૨) પિતરાઈ ભાઈ ઉમેશભાઈ નરેશભાઈ પટેલ ઉ.વ.આ.૨૨ અને (૩) લોકલ તરવૈયા ...

વધુ માટે કલીક કરો >>>>>>



## મેંગ્લોર મહાનગરપાલિકાના મા.મેયરશ્રી પ્રવિણ, ડે.મેયરશ્રીમતી ગીથા નાયક તથા સ્ટેન્ડીંગ કમીટીના અધ્યક્ષશ્રી તથા ૫૦ કોર્પોરેટરોની ટીમ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

તા.૦૧–૦૨–૨૦૧૨ ના રોજ મેંગ્લોર મહાનગરપાલિકાના મા.મેયરશ્રી પ્રવિણ, ડે.મેયરશ્રીમતી ગીથા નાયક તથા સ્ટેન્ડીંગ કમીટીના અધ્યક્ષશ્રી તથા ૫૦ કોર્પોરેટરોની ટીમ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, શહેરનો વિકાસ તથા મહાનગરપાલિકાની ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉધના ઝોન ખાતે ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૨ની ઉજવણી




ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૨ની ઉજવણી સુરત મહાનગરપાલિકા દ્વારા ઉધના ઝોન વિસ્તારમાં કરવમાં આવી હતી. પ્રજાસત્તાક પર્વની સુપ્રભાતે માન.મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ)એ ઉધના, વિજયાનગર સ્ટેડિયમ પાસેના મેદાનમાં સુરત મહાનગરપાલિકાના ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની માર્ચ પાસ્ટ સાથે સલામી ઝીલ્યા બાદ રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગીતની ધુન વચ્ચે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી. ઉધના ઝોન વિસ્તારમાં આવેલ શાળાના વિદ્યાર્થીઓ બેનરો, ટેબ્લોઝ અને સુત્રોચ્ચાર સાથેની પ્રભાતફેરી રૂપે ધ્વજવંદન સ્થળે પહોંચી સમારોહમાં જોડાયા હતા. આ પ્રસંગે માન.મેયરશ્રીએ પ્રજાસત્તાક દિનની શુભકામના સાથે "સૌનો સાથ, સૌનો વિકાસ"ના ધ્યેય સાથે દેશના વિકાસ કાર્યો માટે મચી પડવા હાકલ કરી હતી. સુરત શહેરને મળેલ "ઓલ ઈન્ડિયા ઈન્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ નગરરત્ન એવોર્ડ–૨૦૧૧" અને વૈશ્વિક કક્ષાએ "સાઉથ એશીયન ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટ બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ–૨૦૧૧" મળવા બાબતે સૌના સાથ સહકારને બિરદાવી હતી. સદભાવના મીશન અંતર્ગત સુરત શહેરના વિકાસ માટે માન.મુખ્યમંત્રીશ્રી તરફથી મળેલ રૂ.૨૧૦૦ કરોડના અનુદાનને ઝડપી વિકાસના કાર્યો સાકાર કરવા તથા ફલાયઓવરો, તાપીબ્રિજ, ખાડીબ્રિજ, ઓવરબ્રિજ, મલ્ટીલેવલ પાર્કીંગ જેવા અનેક આયોજનો થકી શહેરની માળખાગત સુવિધાપૂર્ણ કરવા ખાતરી ખાપી હતી. બી.આર.ટી.એસ.ના માર્ગ આયોજન પ્રોજેકટ સુરતના જાહેર પરિવહનને આવનારા વર્ષોમાં વૈશ્વિક કક્ષાના પરિવહનની હરોળમાં મૂકવાનો, પબ્લીક–પ્રાઈવેટ પાર્ટનરશીપ ઉર્ફે પી.પી.પી.મોડેલ હેઠળ સ્મીમેર હોસ્પિટલ ખાતે એપોલો હોસ્પિટલના સહયોગથી એમ.આર.આઈ. તેમજ સી.ટી.સ્કેનની સુવિધા ઉપલબ્ધ કરાવ્યાનો ઉલ્લેખ કર્યો હતો. બાદમાં ત્રિરંગી ફુગ્ગાઓને ગગનમાં વિહરતા કર્યા હતા.



Continue

આ અવસરે ધ્વજવંદન બાદ વિવિધ ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધિ હાંસલ કરેલ ૬૨ જેટલા નગરજનોનું રોકડપુરસ્કાર અને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રજાસત્તાક પર્વના આ ધ્વજવંદનની સાથે શહેરીજનોએ ઉધના ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓએ રજુ કરેલ સાંસ્કૃતિક કાર્યકમોને પણ મન ભરીને માણ્યાં હતા. શેઠશ્રી પી.એચ.બચકાનીવાલા સ્કૂલની બાળાઓના સ્વાગતગીત સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ થયો હતો. જેમાં પરંપરાગત વેશભૂષામાં રાજસ્થાની નૃત્ય ઘુમ્મર રજુ કરી સુમન શાળા નં.૭ બાળાઓએ લોકોના દિલ જીતી લીધાં હતાં. જયારે સનગ્રેસ સ્કૂલ, જસ્ટીસ ધીરૂભાઈ દેસાઈ પ્રાથમિક શાળા, શેઠશ્રી પી.એચ.બચકાનીવાલા સ્કૂલની શાળાના બાળકોએ દેશભકિત આધારિત ગીતો પર નૃત્યો રજુ કરી દેશભકિતનો એક અનેરો નઝારો ખડો કર્યો હતો. કાર્યક્રમની અંતિમ કૃતિ સુમન શાળા નં–૧ની ''દેશ રંગીલા રંગીલા''માં સૌ બાળકલાકારો જોડાતાં ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. અંતે ''ભારત માતા કી જય''ના ગગનભેદી જયનાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.




આ પ્રસંગે રાત્રે ૭.૦૦ કલાકે ઉધના EWS ના મેદાનમાં આતશબાજી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેનો શહેરીજનો અને ખાસ કરીને ઉધના–પાંડેસરા વિસ્તારની જનતાએ રંગબેરંગી આતબાજી નીહાળી હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના પુલો, ઓવરબ્રીજો, સરકારી ઈમારતોને રોશનીથી શણગારી ઝળહળતું કર્યુ હતું.

રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં માન. ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ.કે.દાસ, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકરસિંહ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહથી ભાગ લીધો હતો.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૨ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલી તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં માન.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, શ્રી સી.આર.પાટીલ, ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા ગાંધીપ્રેમીઓએ ઉપસ્થિત રહી ગાંધી પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક સ્કૂલના બાળકો હાજર રહયા હતા. તેમજ સત્ય સાંઈ સેવા સમિતિએ ભજનોની સુંદર રજુઆત કરી હતી.

TOP

## ભારતની પ્રથમ શંખધ્વનિ કલબના સ્થાપક પ્રમુખશ્રી બી.જે.શાહને માન.કમિશ્નરશ્રી તથા માન.મેયરશ્રી ધ્વારા અજોડ સામાજીક કાર્ય કરવા બદલ પ્રજાસત્તાક દિને સમારંભમાં ''પ્રસંશાપત્ર'' તથા ટ્રોફી એનાયત કરવામાં આવેલ



ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાકદિન ૨૬ જાન્યુઆરી–૨૦૧૨ની ઉજવણી વિજયનગર રોડ, ઉધના ખાતે સંપન્ન થઈ હતી. ભારતની પ્રથમ શંખધ્વનિ કલબના સ્થાપક પ્રમુખશ્રી બી.જે.શાહ મારફત શંખનાદના ફાયદા બાબતે પ્રચાર–પ્રસારની નોંધ લિમ્કા બુક ઓફ નેશનલ રેકોર્ડસ–૨૦૧૧ લેવામાં આવેલ છે. વિષેશમાં ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડસ તથા એશિયા બુક ઓફ રેકોર્ડમાં પણ આ સંસ્થાની નોંધ લેવામાં આવેલ છે. આ સિધ્ધિ બદલ સંસ્થાના પ્રમુખશ્રી બી.જે.શાહને માન.કમિશ્નરશ્રી તથા માન.મેયરશ્રી મારફત આવા અજોડ સામાજીક કાર્ય કરવા બદલ પ્રજાસત્તાક દિને સમારંભમાં ''પ્રસંશાપત્ર'' તથા ટ્રોફી એનાયત કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા તથા પશ્ચિમ ઝોનનાં કર્મચારી/અધિકારી આ સિધ્ધિ અંગે ગૌરવની લાગણી અનુભવે છે. અને ભવિષ્યમાં ઉપરોકત પ્રવૃતિ આરોગ્યક્ષી ફાયદા માટે સતત ચાલુ રહે એ બદલ શુભેચ્છા પાઠવીએ છીએ.

TOP

## ભારત સરકારનાં રાષ્ટ્રપતિશ્રીનાં ફાયર સર્વિસ મેડલ ફોર મેરીટેરીયસ સર્વિસથી સુરત ફાયર અને ઈમરજન્સી વિભાગના (૧) ડ્રાઈવરશ્રી દિનુભાઈ છોટુભાઈ નાયકા અને (૨) ફાયરમેન શ્રી ગણપતભાઈ એમ.ગાવીતને સન્માનીત કરવાનું જાહેર કરવામાં આવેલ

દક્ષિણ ગુજરાતનાં ડાંગ જીલ્લામાં ભારે વરસાદનાં પગલે અંબિકાનદીમાં અચાનક પાણીનાં વિનાશક પુર ફરી વળતાં તા.૧૪/૦૭/૧૧નાં રોજ ઉમરાગામ તા.મહુવા, જી.સુરતનાં નદીનાં પટમાં કપડા ધોવા ગયેલ યુવતી નામે કાજલબેન કનુભાઈ પટેલ,ઉ.વ.આ.૧૭ નદીનાં મધ્યભાગે તીવ્ર પ્રવાહમાં ઘેરાઈ ગયેલ. તેણીને બચાવવા તેમના (૧) પિતા કનુભાઈ છનાભાઈ પટેલ ઉ.વ.આ.૪૨ (૨) પિતરાઈ ભાઈ ઉમેશભાઈ નરેશભાઈ પટેલ ઉ.વ.આ.૨૨ અને (૩) લોકલ તરવૈયા શ્રી ભગુભાઈ ઢીમ્મર ઉ.વ.આ ૪૦ નદીમાં ઝંપલાવેલ  પરંતુ પાણીનું સ્તર અને પ્રવાહ ઘણો જ વધારે હોવાથી તેઓ પણ કાજલ સાથે નદીમાં ફસાઈ ગયેલ. આમ ઉપરોકત ચાર વ્યકિતનાં જીવ જોખમમાં હોવાનો કોલ સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસને મળેલ. જેથી ચીફ ફાયર ઓફિસરશ્રીની સુચનાથી ફાયર અને ઈમરજન્સી સર્વિસનાં એસ.ઓ.શ્રી જે.જે.પટેલ, એસ.ઓ.શ્રી આઈ.એમ.પટેલની આગેવાની હેઠળ કુલ–૧૦ તરવૈયાની ટીમ રેસ્કયુ ટેન્ડર અને રેસ્કયુ બોટ સહીત પહોંચેલ. અને રેસ્કયુ ઓપરેશન શરૂ કરવામાં આવેલ. પરંતુ નદીનાં પાણીનું વહેણ ખુબ જ વધારે હોવાથી અને પુલથી ઘટના સ્થળ દુર હોવાથી રેસ્કયુ બોટ મારફતે બચાવ કાર્ય શરૂ કરવામાં આવેલ અને ૦૩ થી ૦૪ કલાકની ભારે જહેમત બાદ પોતાનાં જાનનાં જોખમે સાહસિક/બહાદુર ભરી દિલધડક કામગીરી કરી ઉપરોકત ચાર વ્યકિતઓને બચાવી લેવામાં આવેલ. જેની નોંધ સ્થાનિક વહીવટી તંત્ર લોકલ/નેશનલ પ્રિન્ટ મીડીયા તથા ઈલે.મીડીયા ધ્વારા થયેલ. જેનાં અનુસંધાનમાં સમગ્ર ટીમને તાલુકા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા કલેકટરશ્રી, મ્યુ.કમિશ્નરશ્રી અને મેયરશ્રી ધ્વારા સન્માન કરવામાં આવેલ.

મ્યુ.કમિશ્નરશ્રીનાં નિર્દેશન હેઠળ ફાયરખાતાનાં ચીફ ફાયર ઓફિસરશ્રી પંકજ એમ.પટેલને સદર બનાવની ગંભીરતા અને જાંબાઝ જવાનોની સાહસીક ટીમનાં કુલ ૧૨ અધિકારી/કર્મચારીશ્રીઓની પ્રશંસનીય કામગીરીનું ભારત સરકારનાં રાષ્ટ્રપતિશ્રીનાં ફાયર સર્વિસ મેડલ ફોર મેરીટેરીયસ સર્વિસથી સન્માન કરવા ગુજરાત રાજય શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ મારફતે કેન્દ્ર સરકારને શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગને ભલામણ કરેલ. જેમનાં અદ્વિતીય પ્રયાસોથી સુરત ફાયર અને ઈમરજન્સી વિભાગને ૨૦ વર્ષ બાદ ભારત સરકારનાં રાષ્ટ્રપતિશ્રીનાં ફાયર સર્વિસ મેડલ ફોર મેરીટેરીયસ સર્વિસથી સર્વશ્રી (૧) ડ્રાઈવરશ્રી દિનુભાઈ છોટુભાઈ નાયકા અને (૨) ફાયરમેન શ્રી ગણપતભાઈ એમ.ગાવીતને સન્માનીત કરવાનું જાહેર કરવામાં આવેલ છે. જેનાંથી સુરત મહાનગરપાલિકાનું નામ રોશન થયેલ છે. તેમજ સુરત ફાયર અને ઈમરજન્સી સર્વિસને ગૌરવ મળેલ છે.

TOP

## મેંગ્લોર મહાનગરપાલિકાના મા.મેયરશ્રી પ્રવિણ, ડે.મેયરશ્રીમતી ગીથા નાયક તથા સ્ટેન્ડીંગ કમીટીના અધ્યક્ષશ્રી તથા ૫૦ કોર્પોરેટરોની ટીમ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



તા.૦૧–૦૨–૨૦૧૨ ના રોજ મેંગ્લોર મહાનગરપાલિકાના મા.મેયરશ્રી પ્રવિણ, ડે.મેયરશ્રીમતી ગીથા નાયક તથા સ્ટેન્ડીંગ કમીટીના અધ્યક્ષશ્રી તથા ૫૦ કોર્પોરેટરોની ટીમ સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો, શહેરનો વિકાસ તથા મહાનગરપાલિકાની કાર્યપધ્ધતિ નિહાળવા મુલાકાત લીધી હતી.

શહેરના વિવિધ વિસ્તારમાં ચિંતામણી જૈન મંદિર,કતારગામ વોટરવર્કસ,સીંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,સરથાણા નેચરપાર્ક, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી,પાલ ટ્રાન્સફર સ્ટેશન , ખજોદ ડીસ્પોઝલ પ્લાન્ટ, શહેરી ગરીબ આવાસો તથા આંજણા બાયોગેસ પ્લાન્ટની મુલાકાત લઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રજાજનોને આપવામાં આવતી માળખાકીય સુવિધાઓનો સુદઢ વિકાસ નીહાળી સુરત મહાનગરપાલિકાની વિકાસને લગતી કામગીરીને બિરદાવી ખુશી વ્યકત કરી હતી.

સાંજે ૫:૩૦ કલાકે નવા સ્થાયી સમિતિ ખંડમાં મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ (રાજુ દેસાઈ),મા.સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ,મા. શાસકપક્ષ નેતાશ્રી દયાશંકર સિંહ, મા.કમિશનરશ્રી તથા અધિકારીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. સીટી ઈજનેરશ્રી ધ્વારા શહેરના વિકાસનો ચિતાર પ્રેઝન્ટેશન ધ્વારા આપ્યો હતો.

આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ ધ્વારા મેગ્લોર મહાનગરપાલિકાના મા.મેયરશ્રી તથા ડે.મેયરશ્રીનું પુષ્પગુચ્છ તથા મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કર્યું હતું.

**TOP**